# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

*************************************************

1) સર્વોચ્ચ અદાલતે, દેશમાં બાળ તસ્કરી સંબંધિત ગુનાઓના નિવારણ અને ઝડપી સુનાવણી માટે કડક માર્ગદર્શિકા જાહેર કરી.

2) દિલ્હી સરકારે, રાજ્યની તમામ શાળાઓને વધુ પડતી ફી, વાલીઓ અને વિદ્યાર્થીઓને હેરાન કરવાની ફરિયાદો સામે નોટિસ આપી.

3) કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે ગુજરાતનાં અરવલ્લીથી સંગઠન સર્જન અભિયાનનો આરંભ કરાવશે.

4) ભારત, અમેરિકાનો દ્વિપક્ષીય વેપાર 2030 સુધીમાં 500 અબજ ડોલર સુધી પહોંચશે

5) શૂટિંગમાં, ભારતે ISSF વિશ્વકપ અભિયાનની મજબૂત શરૂઆત કરતાં, પ્રથમ દિવસે સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રક જીત્યા.

..............................................................................

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# SUPREME COURT CHILD TRAFFICKING

સર્વોચ્ચ અદાલતે, દેશમાં બાળ તસ્કરી સંબંધિત ગુનાઓના નિવારણ અને ઝડપી સુનાવણી માટે કડક માર્ગદર્શિકા જાહેર કરી છે.

ઉત્તરપ્રદેશના બાળ તસ્કરી કેસમાં આરોપીઓ દ્વારા દાખલ કરાયેલી આગોતરા જામીન અરજીઓની સુનાવણી કરતી વખતે કોર્ટએ આ નિર્દેશો આપ્યા હતા. ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને આર મહાદેવનની ખંડપીઠે દેશની વડી અદાલતોને નિર્દેશ આપ્યો હતો કે, તેઓ નીચલી અદાલતોને છ મહિનામાં બાળ તસ્કરીના કેસોની સુનાવણી પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે.

ન્યાયમાં વિલંબ અટકાવવા માટે આવા કેસોની દૈનિક સુનાવણી થવી જોઈએ. સર્વોચ્ચ અદાલતે કહ્યું, નિર્દેશોના અમલીકરણમાં કોઈપણ પ્રકારની ઢીલને ગંભીરતાથી લેવામાં આવશે અને તેને અદાલતનો તિરસ્કાર ગણવામાં આવશે. એક મહત્વપૂર્ણ નિર્દેશમાં, સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, જો કોઈ હોસ્પિટલમાંથી નવજાત બાળક ચોરાઈ જાય, તો સૌ પ્રથમ સંબંધિત હોસ્પિટલનું લાઇસન્સ રદ કરવું જોઈએ.

# DELHI CM - SCHOOL FEE HIKE

દિલ્હી સરકારે, રાજ્યની તમામ શાળાઓને વધુ પડતી ફી અને વાલીઓ અને વિદ્યાર્થીઓને હેરાન કરવાની ફરિયાદો સામે નોટિસ ફટકારી છે.

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું, કોઈપણ શાળાને કોઈપણ માતા-પિતા કે બાળકને હેરાન કરવાનો, તેમને શાળામાંથી કાઢી મૂકવાની ધમકી આપી ના શકે અને ફી માં કોઈપણ વધારો કરવાનો અધિકાર નથી. રાજ્ય સરકાર

આવી કોઈપણ કાર્યવાહી સહન નહીં કરે એમ મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું હતું.

(Byte : મુખ્યમંત્રી રેખા ગુપ્તા)

# RAHUL GANDHI ARVALLI

કૉંગ્રેસના સાંસદ અને વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે ગુજરાતના મોડાસાની મુલાકાતે આવશે.

દરમિયાન તેઓ પક્ષના સંગઠન સર્જન અભિયાનનો આરંભ કરાવશે. મળતી માહિતી મુજબ, શ્રી ગાંધી મોડાસા બાયપાસ માર્ગ પર આવેલા B.A.P.S. સ્વામિનારાયણ મંદિર સભાખંડ ખાતે આજે સવારે જિલ્લાના એક હજાર 200 બૂથ કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ કરશે. કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીના કાર્યક્રમને લઈ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

ગુજરાતમાં કૉંગ્રેસના સંગઠનને મજબૂત કરવા શ્રી ગાંધી ગઈકાલથી બે દિવસ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. તેમણે ગઈકાલે 40 જેટલા જિલ્લા નિરીક્ષક સાથે વાતચીત કરી હતી. આ ઉપરાંત દરેક જિલ્લામાં કૉંગ્રેસનું વ્યવસ્થિત કાર્યાલય બનાવવા પર પણ ચર્ચા કરી હતી.

# INDIA US TRADE

ભારત, અમેરિકાનો દ્વિપક્ષીય વેપાર 2030 સુધીમાં 500 અબજ ડોલર સુધી પહોંચશે તેમ વાણિજ્ય અને ઉદ્યોગ સચિવ, સુનિલ બર્થવાલે જણાવ્યું છે.

મીડિયાને સંબોધતાં સમયે શ્રી બર્થવાલે કહ્યું કે, ભારતે, વેપાર ઉદારીકરણનો માર્ગ અપનાવીને અમેરિકા સાથે 2025 માટેના દ્વિપક્ષીય વેપાર અંગેના કરાર કરશે. બંને દેશ પરસ્પર ફાયદાકારક, બહુ-ક્ષેત્રીય દ્વિપક્ષીય વેપાર

કરાર અંગેની પ્રાથમિક શરતોમાં સંમતિ સાથે આ સપ્તાહે હસ્તાક્ષર કરશે, તેમ વાણિજ્ય અને ઉદ્યોગ સચિવ, સુનિલ બર્થવાલે મીડિયાને જણાવ્યું હતું.
સચિવે ઉમેર્યું કે, અમેરિકા દ્વારા લાદવામાં આવેલા વર્તમાન ટેરિફ, ભારત માટે ચિંતાનો વિષય છે, પરંતુ આ ટેરિફની સાથે વેપારની અનેક તકો બંને દેશને મળશે.

## INDIA-PAKISTAN-WAQF

વક્ફ સુધારા કાયદા પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ ભારતે નકારી કાઢી છે
પાકિસ્તાનની ટિપ્પણીઓ અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, પાકિસ્તાનને ભારતના આંતરિક મામલા પર ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી. તેમણે કહ્યું, પાકિસ્તાને લઘુમતીઓના અધિકારોના રક્ષણ અંગે બીજાઓને ઉપદેશ આપવાને બદલે પોતાના ખરાબ રેકોર્ડ પર નજર નાખવી જોઈએ.

## MORN. MAHA GOVT IBM MOU

મહારાષ્ટ્ર સરકારે, રાજ્યમાં સુચારું સંચાલન માટે મુંબઈ, પુણે અને નાગપુરમાં ત્રણ નવા આર્ટિફિશનલ ઇન્ટેલિજન્સ એટલે કે, AI સેન્ટર બનાવવા માટે ભારત સ્થિત IBM ટેકનોલોજી સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

ગઈકાલે મુંબઈમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને અજિત પવારની હાજરીમાં આ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

**આ કરાર હેઠળ મુંબઈ, પુણે અને નાગપુરના AI કેન્દ્રોમાં IBMના શૈક્ષણિક અને તાલીમ પ્લેટફોર્મની મદદથી સરકારી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને AI, સાયબર સુરક્ષા અને ક્લાઉડ ટેકનોલોજીમાં હાઇબ્રિડ ક્લાઉડ, ડેટા એનાલિટિક્સ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરાય તે અંગે તાલીમ અપાશે અને જેથી આગામી સમયે જાહેર સેવા વિતરણ અને વહીવટી કાર્યક્ષમતા વધારી શકાય.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . . .

## WEATHER

**હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન રાજસ્થાન અને ગુજરાતમાં ગરમીનું મોજું ફરવાની આગાહી કરી છે. આજે તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે અને દરિયાકાંઠાના કર્ણાટકમાં ગરમ અને ભેજવાળી સ્થિતિ રહેવાની શક્યતા છે. આવતીકાલ સુધી આસામ અને મેઘાલયમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આગામી 3 થી 4 દિવસમાં ઉત્તર, ઉત્તરપૂર્વ અને પૂર્વ**

ભારતમાં વીજળી, ગાજવીજ અને ભારે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

આગામી ચોમાસા અગે હવામાન વિભાગના અધિકારી મૃત્યુંજય મહાપાત્રા એ વધુ માહિતી  આપી

## (BYTE: મૃત્યુંજય મહાપાત્રા)

# ISSF SHOOTING WC

શૂટિંગમાં, ભારતે ISSF વિશ્વકપ અભિયાનની મજબૂત શરૂઆત કરતાં, પ્રથમ દિવસે સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રકો જીત્યા.

મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં, સુરુચી સિંહે ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકરને હરાવીને સુવર્ણ ચંદ્રક  જીત્યો, મનુ ભાકરને રજત ચંદ્રકથી સંતોષ માનવો પડ્યો.

સૌરભ ચૌધરીએ પુરુષોની 10 મીટર એર પિસ્તોલમાં કાંસ્ય ચંદ્રક જીતીને મજબૂત વાપસી કરી. આ મેડલ બે વર્ષમાં તેમનો પહેલો વ્યક્તિગત ISSF મેડલ છે.

# IPL

IPLમાં, પંજાબ કિંગ્સે, ગઇકાલે કોલકાતા નાઈટ રાઈડર્સને 16 રને હરાવ્યું. ગઈકાલે ચંદીગઢ ખાતે રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સે આપેલા 112 રનના લક્ષ્યાંક સામે કોલકાતા નાઈટ રાઈડર્સ 15 ઓવર અને એક બોલમાં માત્ર 95 રન બનાવી શકી.

પંજાબ કિંગ્સ તરફથી યુઝવેન્દ્ર ચહલે શાનદાર પ્રદર્શન કર્યું અને ચાર વિકેટ લીધી. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

આજે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સામે થશે. આ મેચ નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે સાંજે 7.30 વાગ્યે શરૂ થશે

# WATERWAYS-CARGO TRAFFIC

દેશના રાષ્ટ્રીય જળ માર્ગ એટલે કે વૉટર કાર્ગો વેપાર 145 મિલિયન ટન થી વધુની વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યા છે.

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે જણાવ્યું કે, નાણાકીય વર્ષ 2025માં, જળ માર્ગ વેપારમાં પાછલા નાણાકીય વર્ષની તુલનામાં વાર્ષિક ધોરણે 9.34 ટકાનો વધારો નોંધાયો છે. કોલસો, આયર્ન ઓર, આયર્ન ઓર ફાઇન, રેતી અને ફ્લાય એશ જેવી પાંચ મુખ્ય ચીજવસ્તુઓ રાષ્ટ્રીય જળમાર્ગો પર પરિવહન કરાયેલા કુલ કાર્ગોના 68 ટકાથી વધુ હિસ્સો ધરાવે છે

# JAVELIN THROW

ઈન્ડિયન ઓપન એથ્લેટિક્સ મીટમાં યશવીર સિંહે, કિશોર જેનાને હરાવીને પુરુષોનો ભાલા ફેંકનો ખિતાબ જીતી લીધો છે.

ગઈકાલે ચેન્નાઈમાં યોજાયેલી આ સ્પર્ધમાં યશવીરે 77.49 મીટરના રેકોર્ડ સાથે શાનદાર પ્રદર્શન કર્યું, જ્યારે કિશોર જેના, 75.99 મીટરના થ્રો સાથે બીજા સ્થાને રહ્યા.

બંને ખેલાડીઓએ આગામી એશિયન ચેમ્પિયનશિપ-૨૦૨૫ માટે એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા-AFIના 75.36 મીટરના ક્વોલિફાઇંગ ધોરણને પાર કર્યું છે. આ ચેમ્પિયનશિપ આવતા મહિને કોરિયા પ્રજાસત્તાકના ગુમીમાં યોજાવાની શક્યતા છે.

<u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ</u>

1) નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે ચાર્જશીટના સમાચારને ફૂલછાબ, સંદેશ અને નવગુજરાત સમયે મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે. દિવ્ય ભાસ્કરે પહેલા પાના પર ‘સોનિયા-રાહુલ સામે રૂપિયા 988 કરોડની મની લૉન્ડરિંગનો ઈડીની ચાર્જશીટમાં આરોપ.’ના શીર્ષક સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે. ગુજરાત સમાચાર લખે છે, નેશનલ હેરાલ્ડ મની લૉન્ડરિંગ કેસમાં રાહુલ-સોનિયા સામે ઇડીની ચાર્જશીટ.

2) ગુજરાત સમાચારનું મુખ્યશીર્ષક છે, દેશભરમાં ચોમાસું સામાન્ય કરતાં સારું રહેવાનો વરતારો. રાજસ્થાન પત્રિકાનું મુખ્યશીર્ષક છે, ઝૂમેન્ગે બાદલ, 105% હોગી બારિશ. સંદેશ પહેલા પાને લખે છે, આનંદો... ચાલુ વર્ષે ચોમાસું સામાન્ય કરતાં સારું રહેશેઃ I.M.D.ની આગાહી.

3) ગુજરાત સમાચાર છેલ્લા પાના પર રાહુલ ગાંધીના નિવેદનને ટાંકીને લખે છે, ભાજપ સાથે ભળેલા કોંગ્રેસી નેતાઓની યાદી તૈયાર કરાશે.

4) નવગુજરાત સમય છેલ્લા પાના પર લખે છે, સલમાન ખાનને ધમકી આપનારા વાઘોડિયાના યુવકની 2 કલાક પૂછપરછ.

5) ફૂલછાબ છેલ્લા પાના પર લખે છે, ગુજરાતમાં હવે આગની ઘટનાઓને લઈને ‘વન સ્ટેટ, વન ફાયર સર્વિસ વ્યવસ્થા’ કરાશે.